**હોલિ નેમ મેડિકલ સેન્ટર આર્થિક સહાયતા નીતિ- સરળ ભાષામાં સારાંશ**

**નીતિ નિવેદન**

હોલિ નેમ મેડિકલ સેન્ટરની (HNMC's) આર્થિક સહાયતા નીતિ (FAP) લાયક દર્દીઓને HNMC દ્વારા પૂરી પાડવામાં આવતી આંશિક અથવા સંપૂર્ણ ડિસ્કાઉન્ટ સાથેની કટોકટીની અને અન્ય તબીબી રીતે જરૂરી સેવાઓ લાયક દર્દીઓને પૂરી પાડવા માટે અસ્તિત્વમાં છે.

**લાયક સેવાઓ:** HNMC દ્વારા પૂરી પાડવામાં આવતી અને HNMC દ્વારા જેનું બિલ આપવામાં આવતું હોય તેવી કટોકટીની અને અન્ય તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્યસંભાળ સેવાઓ. અન્ય સેવાઓ જે માટે અન્ય પ્રદાતાઓ દ્વારા અલગ રીતે બિલ આપવામાં આવે છે, જેમ કે ફિઝિશન્સ અથવા પ્રયોગશાળાઓ કે જે FAP હેઠળ કદાચ લાયક ન હોય.

**લાયક દર્દીઓ:** તબીબી રીતે જરૂરી અથવા કટોકટીની સેવાઓ મેળવતા દર્દીઓ જેઓ સંબંધિત દસ્તાવેજો/માહિતી સહિત પૂરી કરેલી આર્થિક સહાયતા અરજી સુપ્રત કરે અને જેઓ HNMC દ્વારા આર્થિક સહાયતા માટે લાયક હોવાનું નક્કી થાય.

**અરજી કેવી રીતે કરવી:** – FAP અને સંબંધિત અરજીપત્રકો નીચે પ્રમાણે મેળવી શકાય/પૂરા કરી શકાય/સુપ્રત કરી શકાય:

- FAPની પેપર કૉપી, FAP અરજીપત્રક, FAPનો સરળ ભાષામાં સારાંશ ("PLS") અને ચૅરિટિ કેઅર અરજીપત્રક વિનંતી કરવા પર ઉપલબ્ધ છે અને વિના મૂલ્યે ટપાલથી/અથવા રૂબરૂ મુલાકાત લઈને મેળવી શકાય છે: લૉબી ફ્લોર પર પેશન્ટ ઍક્સેસ/રજીસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટમાં આવેલી હૉસ્પિટલના આર્થિક સલાહ કાર્યાલય ખાતે. ઑફિસના કલાકો સોમવારથી શુક્રવાર સવારે 8:30થી બપોરે 2:30 સુધી છે.
- HNMCના આર્થિક સહાયતા કાર્યક્રમો માટે પૂર્વતપાસ માટેની વિનંતીઓ 201-833-3157 પર આર્થિક સલાહ કાર્યાલયને કૉલ કરીને કરી શકાય છે.
- FAP, FAP અરજીપત્રક, PLS અને ચૅરિટી કેઅર અરજી હૉસ્પિટલની વેબસાઈટ પર નીચેની લિંક પરથી ડાઉનલોડ કરી શકાય છે: **http://www.holyname.org/Financial/index.aspx**

**આર્થિક સહાયતા માટેની યોગ્યતાનું નિર્ધારણ** – સામાન્ય રીતે, લાયક વ્યક્તિઓ સ્લાઈડિંગ સ્કેલનો ઉપયોગ કરીને આર્થિક સહાયતા માટે લાયક હોય છે, જ્યારે તેમની કુલ કૌટુંબિક આવક ફેડરલ સરકારની ફેડરલ ગરીબી માર્ગદર્શિકાઓ (FPG)ના 500% પર કે તેનાથી નીચે હોય. આર્થિક સહાયતા માટેની યોગ્યતાનો અર્થ એ છે કે લાયક વ્યક્તિઓની હૉસ્પિટલ સંભાળ પૂરેપૂરી અથવા આંશિક રીતે આવરી લેવામાં આવશે અને તેમને વીમા આરક્ષિત વ્યક્તિઓને આપવામાં આવતી "બિલની સામાન્ય રકમ" (AGB) કરતા વધુ રકમનું બિલ આપવામાં આવશે નહીં. (AGB ઈન્ટર્નલ રેવન્યૂ સર્વિસ દ્વારા IRC વિભાગ 501(r) 5માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે)

FPG ઉપરાંતના માપદંડોને પણ ધ્યાનમાં લેવામાં આવી શકે છે, દાખલા તરીકે રોકડ અથવા અન્ય સંપત્તિઓ માટેની ઉપલબ્ધતા કે જેને રોકડવામાં તબદીલ કરી શકાય, અને માસિક ઘરેલુ ખર્ચની સાપેક્ષે વધારાની માસિક ચોખ્ખી આવક કે જે અગાઉના માપદંડમાં અપવાદમાં પરિણમી શકે. અધૂરી અરજીઓ ધ્યાને લેવામાં આવતી નથી અને અરજદારોને તેની જાણ કરવામાં આવશે અને ખૂટતા દસ્તાવેજો/માહિતી આપવા માટેની તક અપાશે. 501(r)ના હેતુઓ માટે દર્દીઓને પૂરી કરેલી FAP અરજી સુપ્રત કરવા માટે હૉસ્પિટલમાંથી રજા બાદનું 240 દિવસો સુધીનું બિલિંગ સ્ટેટમેન્ટ આપવામાં આવશે. ચૅરિટી કેઅરના હેતુઓ માટે દર્દીઓને પૂરી કરેલી ચૅરિટી કેઅર અરજી સુપ્રત કરવા માટે સેવાની તારીખથી એક (1) વર્ષ સુધીનો સમય આપવામાં આવશે.

જ્યાં HNMCથી સંભવિતપણે પ્રભાવિત થનારા અથવા તેના સંપર્કમાં આવનારા વ્યક્તિઓની વસ્તીમાંથી સેવા મેળવતા રહીશોની માતૃભાષા 5% અથવા 1,000નું પ્રતિનિધિત્વ કરે, બેમાંથી જે ઓછું હોય તે પ્રમાણે, ત્યાં HNMC તેની FAP, FAP અરજીપત્રક અને તેની FAPના PLSનું અન્ય ભાષાઓમાં ભાષાંતર કરશે. ભાષાંતર કરવામાં આવેલા સંસ્કરણો 718 Teaneck Road પર લૉબી ફ્લોર પર આવેલા પેશન્ટ ઍક્સેસ ડિપાર્ટમેન્ટમાં આવેલા આર્થિક સલાહ કાર્યાલયમાં રૂબરૂ આવીને વિનંતી કરવાથી તેમજ હૉસ્પિટલની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.